મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૭ ટકા
ગાંધીનગર તાપમાન

સિવિલની લીફટમાં ફરી પાણી ભરાતા બંધ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સમસ્યાઓની ભરમાર છે એક સાંધો ત્યારે તેર તુટે તેવો ઘાટ ઘડાય છે. પાંચ માળની ઓપીડી ઈમારત અને આઠમાળની ઈન્ડોર ઈમારતમાં વરસાદી પાણી તો ટપકે છે જ પરંતુ સાથો સાથ અન્ય ઘણી સમસ્યાઓથી બિલ્ડીંગ ઘેરાયેલું છે. ત્યારે આઠમાળની ઈમારતમાં આવેલ લીફટમાં વારંવાર પાણી ભરાવાને પગલે તંત્ર દ્વારા બંધ કરવામાં આવે છે. પરંતુ આ પાણી લીફટ નીચે કયાંથી આવે છે તે હજુ પણ જાણી શકાયું નથી. પીઆઈયુ વિભાગ આ કારણ શોધવામાં તદ્દન નિષ્ફળ નીવડ્યુ હોય તેવું લાગી રહ્યું છે. લીફટમાં પાણી ભરાવાની સાથે લીફટ બંધ કરવામાં આવતા સામાન્ય નાગરીકોની સાથે દર્દીઓને પણ ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યા આંતરે દિવસે ઉભી થવા પામે છે. લીફટ બંધ કરીને પીઆઈયુ દ્વારા પાણી નીકાળીને લીફટ ફરીવાર શરુ કરવામાં આવ છે. પરંતુ આ સમસ્યાનું કાયમી નિરાકરણ આવતું નથી. પીઆઈયુ વિભાગની અનેક ક્ષતિઓ દિનપ્રતિદિન સામે આવી રહી છે. પીઆઈયુ વિભાગની ભુલનું પરિણામ હોસ્પિટલના સત્તાધિશોને પણ ભોગવવાનો વારો આવે છે. હોસ્પિટલની વિવિધ સમસ્યાઓ રોજ સામે આવતા આરોગ્યના ઉચ્ચ અધિકારીઓના રોષનો ભોગ હોસ્પિટલના અધિકારીઓને પણ બનવુ પડે છે. ત્યારે પીઆઈયુ વિભાગ તાત્કાલીક અસરથી લીફટમાં પાણી દુર કરીને કાયમી નિરાકરણ લાવે તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

@ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં મમરાની માળા ગુંથીને બનાવેલ કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે બગીચાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ વિનોદભાઈ ત્રિવેદી, ડી-૩૦૨, રાધે રેસીડેન્સી કોબા રોડ, સીટી પલ્સ સામે, કુડાસણ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના નાગેશ્વર પ્રવાસ ખાતે કરવામાં આવશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે મકાઈના કલાત્મક હિંડોળાના દર્શન તથા રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ અનિલકુમાર જાની, પ્લોટ નં. બી-૬, ગ્રીનસીટી ખાતે યોજાશે.

● ત્રિદલ સંસ્થા દ્વારા ધો-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગુજરાતી વિષયમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સવારે ૯.૩૦ કલાકે બ્રહ્માણી કૃપા હોલ કડી કેમ્પસ સે-૨૩ ખાતે સન્માનિત કરાશે.

૬ઠ્ઠી ઓગષ્ટના રોજ ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ખાતેસાડા ત્રણ વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. ચાલુ માસની તા. ૬ઠ્ઠી ઓગસ્ટના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથો સાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચંનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૮૦ જેટલા સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે.

પુસ્તક પરબનો લાભ લેવા માટે કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

રણાસણ પાટીયા પાસેથી ચાર શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા.૪

ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે રણાસણ ગામના પાટીયા પાસે ઓટલા ઉપર કેટલાક શખ્સો વરલી મટકાનો જુગાર રમી-રમાડી રહ્યા છે. આ બાતમીને આધાર ટીમે દરોડો પાડી નાના ચિલોડાના મહેન્દ્ર ઉર્ફે ટોની ભગવાન ઠાકોર, નરોડા રોડના લક્ષ્મીપુરા ખાતે રહેતા જીતેન્દ્ર પૃથ્વીસિંહ કુંપાવત, નારોલ રોડ વટવાનો અબ્દુલ મુકીમ અબ્દુલકરીમ શેખ અને ન્યુ સિવિલ અમદાવાદ ખાતે રહેતા જાલમ બાદરસિંહ ઝાલાને પકડી પાડવામાં આવ્યા હતા. રોકડ રૂ. ૮૩૦ તથા વરલી મટકાના આંકડા લખવાની ૮ નંગ સ્લીપ બુક, ત્રણ મોબાઈલ અને રીક્ષા મળી કુલ રૂ. ૧.૦૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ડભોડા પોલિસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આઈ.ટી.આઈ. દ્વારા કડીયા કામની તાલીમ અપાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના ગામડાઓમાં પ્રધાનમંત્રી આવાસયોજના હેઠળ જે તે સ્થળે મકાન બાંધકામ કરવા સાથે કડીયાકામ અને મેશનની કામગીરીની તાલીમ આપવા માટે રસ ધરાવતા કડીયા કામ/મેશનના અનુભવી/અન્જીનીયરોએ પોતાનો ફોટા સહિતનો બાયોડેટા, અનુભવના પ્રમાણપત્ર સહિત, આચાર્યની કચેરી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) સેકટર-૧૫, ગાંધીનગરની કચેરીને સમય દરમિયાન મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

સાયન્સ કોલેજમાં સેલ્ફ ફાઈનાન્સ બેઠકો રદ કરો

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના વિજ્ઞાન કોલેજ ખાતે દેખાવો : ગ્રાન્ટેડ બેઠકો વધારવા ઉપરાંત વિદ્યાર્થીનીઓને સુરક્ષા, પાર્કિંગ-કેન્ટિન, સ્પોર્ટસ ગ્રાઉન્ડ જેવી પ્રાથમિક સુવિધાઓ આપવા માંગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સેકટર-૧૫માં સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના શહેર એકમ દ્વારા સેલ્ફ ફાઈનાન્સ બેઠકો સહિત વિવિધ મુદ્દે દેખાવો યોજવામાં આવ્યા હતા. આ સાથે એબીવીપીના કાર્યકરો દ્વારા કોલેજમાં સેલ્ફ ફાઈનાન્સ બેઠકોનો કવોટા રદ કરવા, કોલેજની ફિઝિકસ લેબોરેટરીમાં છતમાંથી પાણી ટપકતું અટકાવવા પગલા લેવા, વિદ્યાર્થીનીઓને સુરક્ષા આપવા, પાર્કિંગની યોગ્ય સુવિધા ઉભી કરવા તથા કોલેજ કેમ્પસમાં કેન્ટિનની સુવિધા આપવા કોલેજ સંચાલકોને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજમાં અનુસ્નાતક અભ્યાસક્રમ એમએસસીમાં ગ્રાન્ટેડ બેઠકોની સંખ્યા વધારવા અને સેલ્ફ ફાઈનાન્સ બેઠકો રદ કરવા આજે ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. આ મુદ્દે એબીવીપી દ્વારા કોલેજ સંચાલકોને આવેદનપત્ર

આપવામાં આવ્યુ છે. આ સાથે એબીવીપી દ્વારા કોલેજની ફિઝિકસ વિષયની લેબોરેટરીમાં છતમાંથી વરસાદી પાણી પડતું હોવાથી ચાલુ પ્રયોગો દરમિયાન લેબમાં પાણી ભરાઈ જવાથી વિદ્યાર્થીઓ પરેશાનીનો ભોગ બની રહ્યા છે. સત્વરે આ છતનું સમારકામ હાથ ધરી વરસાદી પાણી ટપકતું અટકાવાય તેવી માંગ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડાક દિવસો પહેલા કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીની છેડતી થયાના મુદ્દે મામલો ગરમાયો હતો અને પોલિસ સુધ્ધાં બોલાવવી પડી હતી પરંતુ સંચાલકો દ્વારા યેનકેન પ્રકારે મામલો થાળે પાડી ભીનું સંકેલી લેવામાં આવ્યું હોય તેવા આક્ષેપ સાથે એબીવીપીએ કોલેજમાં વિદ્યાર્થીનીઓને સુરક્ષા આપવા માંગ કરી હતી. આ ઉપરાંત કોલેજમાં બહારગામથી અપડાઉન કરી ભણવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી કેન્ટિનની સુવિધા ઉભી કરવા પણ માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત કોલેજ કેમ્પસમાં વાહન પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે, સ્પોર્ટસ ગ્રાઉન્ડ તથા સ્પોર્ટસ ફંડની વ્યવસ્થા કરવામાં આવે તથા જાહેર કરાયેલા સમયપત્રક અનુસાર નિયમિત વર્ગો ચલાવાય તેવી માંગ કરવામાં આવી હતી. જો કે આજે કોલેજના પ્રિન્સિપાલ કાર્યાલય પર હાજર ના હોવાથી એબીવીપીના કાર્યકરોએ આપેલ આવેદનપત્ર પ્રો. પ્રજ્ઞાબેને સ્વીકાર્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાની માંગ સાથે સુત્રોચ્ચારો કરી દેખાવો કર્યા હતા.

સે-૨૮ ખાતે એક કલાસીસ પાસેથી વિદ્યાર્થીના બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૪

અમદાવાદના ચાંદખેડા ખાતે ઉત્કર્ષ બંગ્લોઝમાં રહેતી વિદ્યાર્થીની દિપીકા જેઠાભાઈ પરમારે સે-૨૧ પોલિસ મથકમાં તેણીના બાઈકની ઉઠાંતરી મામલે ફરિયાદ નોંધાવી છે. સે-૨૮ યંગસ્ટર્સ એજયુકેશન નામના કલાસીસમાં અભ્યાસ કરવા આવી ત્યારે પહેલી ઓગષ્ટે સવારના અરસામાં તેણીનું રૂ. ૫૦ હજારની કિંમતનું યામાહાનું નવું બાઈક કોઈ શખ્સ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. સે-૨૧ પોલિસે દિપીકા પરમારની ફરિયાદ લઈ બાઈક ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

આર.જી. કન્યા શાળાની વિદ્યાર્થીનીઓની વોલીબોલ સ્પર્ધામાં રાજય કક્ષાએ પસંદગી

સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે અંડર-૧૯ માટે વોલીબોલ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સે-૨૩ કડી કેમ્પસની આર.જી. પટેલ

કન્યા શાળા તેમજ એસ.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રથમ નંબરે વિજેતા રહી હતી. આ બંને શાળાના રમતવીરો હવે રાજયકક્ષાએ ભાગ લેશે. શાળાની વિદ્યાર્થીનીઓને વ્યાયામ શિક્ષિકા ઉર્વશી જોષી દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. રાજય કક્ષાએ પસંદગી પામનાર વિદ્યાર્થીનીઓમાં ધ્રુવી ચેતન પટેલ, અલ્ફીઝા મલેક, ઝરણ ખુટ, જાનવી ચૌધરી, માનસી ઠાકોર, વાગ્મી જોષી, ખુશી બ્રહ્મભટ્ટનો સમાવેશ થાય છે. તમામ તેજસ્વી ખેલાડીઓને શાળાના આચાર્ય સુધાબેન પટેલે અભિનંદન પાઠવ્યા છે.

સાયબર ક્રાઈમની તપાસ માટે એસ.ઓ.જી.ની ટીમ દિલ્હી પહોંચી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે કાનપુરથી બે ભેજાબાજોને છેતરપીંડીના કેસમાં દબોચી લીધા હતા. ગાંધીનગર નજીક ભાટ ગામની સીમમાં આવેલી ઈ.ડી.આઈ. ઈન્સ્ટીટયુટ આ બંને ભેજાબાજોનો ભોગ બની હતી. રૂ. ૨૭.૫૯ લાખનો ચુનો ઈન્સ્ટીટયુટને આ બંને ભેજાબાજોએ લગાવ્યો હતો. તે ઉપરાંત અન્ય બે રાજયોમાં પણ આ જ પધ્ધતિથી ચીટીંગ કર્યું હોવાનું ખુલ્યું હતું. ગાંધીનગર એસ.ઓ.જી.ની એક ટીમ આ પ્રકરણમાં વધુ તપાસ અને વધુ પુરાવા માટે દિલ્હી પહોંચી છે.

ઈન્ટરપ્રીન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા (ઈ.ડી.આઈ.)ના

ઈ.ડી.આઈ. ઈન્સ્ટીટયુટ સાથે થયેલી રૂ. ૨૭ લાખની છેતરપીંડી પ્રકરણમાં પકડાયેલા બે શખ્સોના ઘરોમાં સર્ચ કરાશે

સિનિ. મેનેજર આલોકપ્રસાદ દ્વારા તેમની ઈન્સ્ટીટયુટ સાથે થયેલા સાયબર ક્રાઈમ અનુસંધાને અડાલજ પોલિસ મથકમાં રૂ. ૨૭.૫૯ લાખની છેતરપીંડીનો ગુનો નોંધાવ્યો હતો. એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. પુરોહિત તથા તેમની ટીમે ટ્રેસ કરીને બે ભેજાબાજો કાનપુરના અમજદ સોહેલ અહેમદ અફઝલ અહંમદ અને લખનઉના અરવિંદ શ્રીપાલસિંગ વર્માને પકડી પાડયા હતા. અખબારોમાં લઘુ ઉદ્યોગોની સબસીડી માટેના ટેન્ડર માટેની જાહેરાતો આપી આ શખ્સોએ ગુજરાતના ઈ.ડી.આઈ. ઉપરાંત હૈદરાબાદ અને ઓરીસ્સામાં પણ છેતરપીંડી આચરી હોવાનું ખુલ્યું છે. આરોપીઓએ આ ગુના માટે અન્ય કયા કયાં સાધન સામગ્રીનો ઉપયોગ કર્યો અને બીજા કેટલાને ચુના લગાવ્યા તેના પુરાવા મેળવવા ગાંધીનગર એસ.ઓ.જીની એક ટીમ દિલ્હી પહોંચી છે.

વાતવાતમાં

● ગાંધીનગરમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્રો દ્વારા પવિત્ર રક્ષાબંધનના તહેવારની આગોતરી ઉજવણીનો પ્રારંભ કરી દેવાયો છે. બ્રહ્માકુમારીઝની બહેનો દ્વારા શહેરના જે તે વિસ્તારના અગ્રણી નાગરિકોને રાખડી બાંધી આર્શીવચન પાઠવવામાં આવી રહ્યા છે.

● શહેરના ઘ-૩ પથિકાશ્રમ એસ.ટી.ડેપો સર્કલ પર સવાર-સાંજના પિકઅપ સમય દરમિયાન ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક પોલિસ તથા હોમગાર્ડસના કર્મીઓની સેવા લેવામાં આવે છે. જો કે સરકારી બસ સેવા એસટીના ડ્રાયવરો દ્વારા તમામ વાહનચાલકોની નજર સમક્ષ જ છડેચોક આ ટ્રાફિક કર્મીઓની સૂચનાને અવગણવામાં આવે છે.

આઈ લવ માય ગાંધીનગર

હિના નાકર
બ્લેક ક્વિન સલૂન

ગાંધીનગર ગમે

ગાંધીનગર રહેવા માટે શાંત અને ઉત્તમ શહેર છે. આ શહેર પ્રદૂષણ મુક્ત છે અને તે સુયોજિત સેક્ટર્સમાં વહેંચાયેલું છે. પહોળા રસ્તા, દરેક સેક્ટરે શાળાઓ અને બગીચા બાળકો માટે ખૂબ જ ઉપયોગી છે.

નગરજનો

સરકારી કર્મચારીઓનું આ નગર છે. અહીં દરેક પ્રકારના લોકો વસે છે છતાં આ શહેર એ વ્યવસ્થાવાળું શહેર છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થા જેણે ગાંધીનગરમાં સુંદર મંદિર બનાવ્યું છે તેના દ્વારા થતી પ્રવૃત્તિઓ ગમે છે. અહીં બ્રહ્મવિહારી સ્વામીનું પ્રવચન સાંભળીને મન ગદગદ થાય છે.

નગરને બહેતર બનાવવા

શાળાઓમાં અંગ્રેજી શિક્ષણ ઉપર ભાર મૂકવો જોઈએ અને શિક્ષણનું સ્તર પણ સુધારવું જોઈએ એવું મને લાગે છે.

નગર માટે હું કરી શકું

બ્યુટી કેર અંગે મહિલાઓને માર્ગદર્શન, સહાય આપવા માટે હું સદૈવ તત્પર છું.

ફોરેન્સીક યુનિવર્સિટી ખાતે વર્કશોપ યોજાયો

સિકયોરીટી ઓફ એગ્રો કેમીકલ્સ વિષય પર ઈન્ડો-યુ.એસ. વર્કશોપમાં એમેરિકા અને ભારતના ખ્યાતનામ ફેકલ્ટીઓએ હાજરી આપી

ગાંધીનગર, તા.૪

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે આજે સિકયોરીટી ઓફ એગ્રો કેમીકલ્સના વિષય ઉપર ઈન્ડો-યુએસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપનું ઉદઘાટન ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીનાં મહાનિયામક ડૉ. જે.એમ. વ્યાસના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં યુ.એસ.ના ખ્યાતનામ ફેકલ્ટી ઉપસ્થિત રહ્યા હતા. તદઉપરાંત ભારનતા ખ્યાતનામ ફેકલ્ટી જેવા કે સી.એસ.આઈ.આર.ના ડૉ. એમ. સુરીનારાયણ, ડૉ. એસ. પ્રભાકર (સી.એલ. આર.આઈ., ચેન્નાઈ) અને ડૉ. કી. શ્રીનિવાસન (આઈ.આઈ.સી.ટી. હૈદરાબાદ) આ વર્કશોપમાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ગુજરાત યુનિ.ના વાઈસ ચાન્સેલર એચ.એ. પંડયા, પ્રો. વાય.કે. અગ્રવાલ, નિયામક ઈન્સ્ટીટયુટ ઓફ આર.એન્ડ ડી. અને ડૉ. એમ. એસ. દહિયા, નિયામક, ઈન્સ્ટીટયુટ ઓફ ફોરેન્સિક સાયન્સ, જીએફએસયુ હાજર રહ્યા હતાં.

ભારત દેશ, અમેરિકા અને સમગ્ર વિશ્વમાં એગ્રોકેમીકલ્સનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થઈ રહેલ છે જેના કારણે તેની સલામતી અને સુરક્ષા તેમજ તેનો યોગ્ય ઉપયોગ થાય તે અંગે જરુરી પગલા લેવાની તાતી જરૂરીયાત ઉભી થયેલ છે. આતંકવાદીઓ દ્વારા વિનાશક શસ્ત્રોની બનાવટમાં આવા એગ્રો કેમીકલ્સનો થતો દુરુપયોગ અટકાવવા આ બાબતે યોગ્ય પગલા લેવા જરુરી છે. પેસ્ટીસાઈડસ જેવા હેઝાર્ડસ એગ્રો કેમીલ્સનો વ્યાપક પ્રમાણમાં દેશ અને દુનિયામાં ઉપયોગ થઈ રહ્યો છે. આવા કેમીકલ્સના ઉત્પાદન, તેના પરીવહન, વિસ્તારણ અને સાચવણીની સુરક્ષા પ્રસ્થાપિત કરવી ખુબ જ જરુરી છે. જેથી આવા કેમીકલ્સ ખોટી વ્યકિતઓ પાસે પહોંચતા અટકાવી શકાય.

ડૉ. જે.એમ. વ્યાસ, મહાનિયામકશ્રીએ તેમના ઉદઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે એગ્રો કેમીકલ્સનો ઉપયોગ ભારત દેશમાં ખેડૂતો દ્વારા વ્યાપક પ્રમાણમાં કરવામાં આવે છે પરંતુ આવા કેમીકલ્સની અતિ હાનિકારક અને આડ અસર બાબતે ખેડુતો/ઉપયોગ કરનારને પુરતી જાણકારી હોતી નથી. જેના કારણે ખેડુતો મૃત્યુ પામે છે અથવા તો લાંબા ગાળાની બિમારીનો ભોગ બને છે. આથી આવા હાનીકારક કેમીકલ્સના ઉપયોગથી મનુષ્યના સ્વાસ્થ્યને નુકસાન થાય છે તે જાણકારી ઉપયોગ કરનારને યોગ્ય માધ્યમથી સ્થાનિક ભાષામાં આપવી જોઈએ, ડૉ. વ્યાસે વધુમાં જણાવ્યું હતું કે, આવા કેમીકલ્સની હાનિકારક અને આડ અસરને નાબૂદ કરવા માટે જરુરી દવા પણ આવા કેમીકલ્સની ખરીદી સમયે આપવામાં આવે તે ખૂબ જ ઉપયોગી બનશે અને આવા પગલા માનવ સ્વાસ્થ્ય જાળવવા માટે ખુબ જ લાભદાયી બનશે. તદઉપરાંત ભારત સરકારે યુરીયા ફર્ટીલાઈઝરને લીંબોળીના તેલનું કોટીંગ કરી યુરીયા જેવા ફર્ટીલાઈઝરનો દુરઉપયોગ અટકાવવા સફળતા પ્રાપ્ત કરેલ છે. તેમજ એમોનીયમ નાઈટ્રેટ ફર્ટીલાઈઝરનો દુરઉપયોગ અટકાવવાના આવા પ્રયત્નો થઈ રહ્યા છે. આમ, એગ્રો કેમીકલ્સનો દુરઉપયોગ તેમજ તેની હાનિકારક અસરો રોકવા ફોરેન્સિક સાયન્સની ભૂમિકા ખુબ જ મહત્વની છે.

આ વર્કશોપને સફળ બનાવવા પ્રો. વી.કે. જૈન એ આ વર્કશોપના કો ઓર્ડીનેટર તરીકે અસરકારક કામગીરી કરી હતી.

હવે, સે-૮માં ૨૦મી એ સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૪

શહેરના સેકટર-૮ વસાહત મંડળ દ્વારા આયોજીત તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ તા.૬-૮-૧૭ને રવિવારના રોજ રાખેલ હતો. તે અનિવાર્ય સંજોગોને પગલે તા.૨૦-૮-૧૭ને રવિવારના રોજ સેકટર-૮ના ત્ર્યંબકેશ્વર મહાદેવની બાજુમાં આવેલ બગીચામાં સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે. જેથી વાલીઓએ વિદ્યાર્થીઓએ સહિત હાજર રહેવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. સુરેશભાઈ સોમાભાઈ પટેલ, ઉ.વ. ૪૬
- સ્વ. અરૂણકુમાર રામશંકર વ્યાસ, ઉ.વ. ૭૨
- સ્વ. ડઈબેન ચંદુભાઈ દંતાણી, ઉ.વ. ૭૦